

ભાઈ ટાઢ તો સૌને વાય, રાય હોય કે રંક, મનુષ્ય હોય કે પ્રાણી, દરેક જીવ ટાઢથી ધ્રૂજે ત્યારે પોતાની વ્યવસ્થા પોતાની મેળે કરતા જ હોય છે. (તસવીર : ભર્ગદેવ ભટ્ટ)

# પલ્સર બાઈક સાથે યુવાન સુઘડ નર્મદા કેનાલમાં પડ્યો

## નવુ નક્કોર નંબર વગરનું વાદળી રંગનું બાઈક હતુ : દોઢ કલાકની જહેમતે ફાયરબ્રીગેડે બાઈક બહાર કાઢ્યુ : યુવાનની શોધખોળ હજુ ચાલુ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરથી તપોવન સર્કલ જતાં માર્ગ પર આવતા સુઘડ નર્મદા કેનાલમાં એક યુવાન બાઈક સાથે પડી ગયો હતો. બાઈક સાથે યુવાન કેનાલમાં ખાબક્યો હોવાના મેસેજ મળતા પોલીસ અને ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. દોઢ કલાકની જહેમત બાદ કેનાલમાંથી પલ્સર બાઈક બહાર નીકળ્યું હતું, પરંતુ પાણીનો વ્હેણ ચાલુ હોવાથી ડુબેલા યુવાનનો કોઈ પત્તો મળ્યો ન હતો. રાત સુધી હેલોજનની મદદથી કેનાલમાં શોધખોળ ચાલુ રાખવામાં આવી હતી પરંતુ તેની ભાળ મળી ન હતી.

સુઘડ નર્મદા કેનાલમાં સાંજના અરસામાં અચાનક એક વાદળી રંગના નવા નક્કોર નંબર વગરના પલ્સર બાઈક સાથે અજાણ્યો યુવાન પડી ગયો હતો. અકસ્માતે બાઈક કેનાલમાં પડ્યું કે આપઘાત હતો તે બાબત હજુ સ્પષ્ટ થઈ નથી પરંતુ કેનાલમાં બાઈક સાથે પડેલા યુવાનના કોલ મળતા અડાલજ પોલીસ અને ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. કેનાલમાં પાણીનો ફ્લો ચાલુ હોવાથી બાઈક સાથે કેનાલમાં પડેલા યુવાની મોડી સાંજ સુધી શોધખોળ બાદ પણ ભાળ મળી ન હતી.

જ્યારે તેનું પલ્સર બાઈક મળી આવતા પાણીમાંથી બહાર કાઢી ફાયરબ્રિગેડે પોલીસને સોંપ્યું હતું. આ બાઈકમાં નંબર પણ નથી નવું જ બાઈક ક્યાં રજીસ્ટર થયું છે તે જાણવા માટેનો ચી.સી. નંબર પણ પાણીમાં ધોવાઈ ગયો છે. એન્જીન નંબરને આધારે બાઈક કોણે ખરીદ્યુ છે તે સહિતની વિગત બહાર લાવવા પોલીસે તજવીજ શરૂ કરી છે તો બીજી તરફ પાણીમાં ડુબી ગયેલા યુવાનની શોધખોળ ફાયરબ્રિગેડની ટીમ કરી રહી છે.

# રૂ. ૬.૧૨ લાખના પ્લાસ્ટીકના દાણા સાથે સે. ૨૬માંથી બે જણા ઝડપાયા

## સે. ૨૬ જીઆઈડીસીના ભંગારના ગોડાઉનમાં ગાંધીનગર એલસીબીનો દરોડો : બન્નેની ધરપકડ કરી દાણીલીમડા પોલીસને સોંપી દેવાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીને આધારે સે. ૨૬ જીઆઈડીસીના ભંગારના ગોડાઉનમાં દરોડો પાડી રૂ. ૬.૧૨ લાખના પ્લાસ્ટીક ગ્રાઈન્ડીંગના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા છે. પુછતાછમાં દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપીંડીના ગુનાનો આ મુદામાલ હોવાનું બહાર આવતા પોલીસે બન્નેને દાણીલીમડા પોલીસને સોંપી દીધા છે.

એસ.પી. શરદ સિંઘલની સુચનાથી ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમારે મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા ટીમને પેટ્રોલીંગમાં મોકલી હતી. ગઈકાલે ટીમના પીએસઆઈ વાય.જે. રાઠોડ તથા એએસઆઈ કરણસિંહ, હે.કો. સુરેશભાઈ, પો.કો. સંદિપકુમાર, વિક્રમસિંહ, તથા જયરાજસિંહ સહીતના માણસોએ પેટ્રોલીંગ દરમ્યાન માહિતી મળતા સે. ૨૬ જીઆઈડીસી પ્લોટ નં. ૨-૨૩૩માં દરોડો પાડ્યો હતો. ચોરી તથા છેતરપીંડીથી મેળવેલો પ્લાસ્ટીક ગ્રાઈન્ડીંગનો ૧૭૯ બોરી (૮૭૪૫ કિલો) કુલ મળી રૂ. ૬,૧૨,૧૫૦ના જથ્થા સાથે ગોડાઉન માલીક પોખરલાલ નાથુજી ગુર્જર તથા સુરેશ મેવારામ ગુર્જરને ઝડપી પાડ્યા હતા. પુછપરછમાં દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપીંડીના ગુનાનો આ માલ હોવાનું બહાર આવતા એલસીબીની ટીમે બન્ને આરોપીને દાણીલીમડા પોલીસને સોંપી દીધા છે.

# રિક્ષાની સીટ પાછળ વિગતો લગાડયા વિના ફરતો વધુ એક ચાલક ઝડપાયો

## ઉવારસદ ચોકડી પાસે એક હોટલ કેમેરા વગર દેખાતા તેની સામે પણ ગુનો દાખલ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે અડાલજ ઉવારસદ ચોકડી પાસેની હોટલમાં સીસીટીવી કેમેરા ન હોવાથી તેના માલિક સામે અને અડાલજની એક રિક્ષામાં સીટ પાછળ વિગતો ન લગાડી હોવાથી તેના ચાલક સામે જિલ્લા કલેકટરના જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ ઉવારસદ ચોકડી પાસે આવેલી બંસીધર હોટલ ખાતે ગાંધીનગર એસઓજી ની ટીમે દરોડો પાડી ચેકીંગ કરતાં હોટલમાં સીસીટીવી કેમેરા લગાડયા ન હોવાનું ધ્યાને આવ્યું હતું. એસ.ઓ.જીની ટીમે તેના માલિક રમણભાઈ હીરાભાઈ પ્રજાપતિ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ અડાલજ પાસે રિક્ષાઓ તપાસતા જીજે-૧-એ.વાય.૧૯૮૦ નંબરની રિક્ષામાં સીટ પાછળ જાહેરનામા મુજબ ડ્રાઈવરનું નામ-ઠામ, મોબાઈલ નંબર, ફોટો, લાયસન્સ નંબર સહિતની વિગતો ચોંટાડી ન હોવાનું ધ્યાને આવતા તેના ડ્રાઈવર ગોવિંદ રામસાગર ચૌહાણ સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# રાંધેજા વિદ્યાપીઠ પાસે બાઈક સ્લીપ ખાતા યુવાનનું મૃત્યુ

## કોલવડા ગામના ૨૫ વર્ષિય યુવાનનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નજીકના રાંધેજા વિદ્યાપીઠ પાસેના માર્ગ પરથી ગઈ મોડી સાંજે પસાર થઈ રહેલા કોલવડા ગામના યુવાનનું બાઈક સ્લીપ ખાઈ જતાં તેને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. યુવાનનું સારવાર દરમ્યાન રાત્રે જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. પેથાપુર પોલીસે આ સંદર્ભે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોલવડા ગામમાં રહેતા ૨૫ વર્ષિય સંજયસિંહ દિલીપસિંહ વાઘેલા ગઈ મોડી સાંજે બાઈક લઈને રાંધેજા વિદ્યાપીઠ પાસેના માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો. અચાનક રાત્રીના અંધારામાં કંઈક આડે આવતા તેનું બાઈક સ્લીપ ખાઈ ગયું હતું અને તેને શરીરે તથા માથે ગંભીર ઈજાઓ થવા પામી હતી. તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, પરંતુ તેનું સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. પેથાપુર પોલીસમથકના પીએસઆઈ શ્રીમાળીએ પ્રકાશસિંહ ભીમસિંહ વાઘેલાની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી આ ગુનાની તપાસ શરૂ કરી છે.

## આજથી સેક્ટર-૬ ખાતે શિવકથાનો પ્રારંભ

આજથી સે-૬-બી હોલીકા ચોક ખાતે સૌ પ્રથમ વાર શિવ મહાપુરાણ કથા શરુ થઈ રહી છે. ગોસ્વામી સંજય ભારતીની વ્યાસપીઠે કથા યોજાનાર છે. જેની ભાવ પોથી યાત્રા રૂચિરભાઈ ભટ્ટના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૯૩/૧ સે-૬-બી ખાતેથી બેન્ડવાજા સાથે નિકળશે.

## વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર દ્વારા સત્સંગ કાર્યક્રમ યોજાશે

પ.પૂ. શ્રી રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી) પ્રેરિત વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર દ્વારા સત્સંગ કિર્તનનો કાર્યક્રમ આજ રોજ રવિવાર સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાક દરમિયાન શશિકાન્તભાઈ પનારાના નિવાસ સ્થાન પ્લોટ નં. ૬૮૧/૧ સે-૭-ડી ખાતે યોજવામાં આવશે. જેમાં ધર્મપ્રેમી જનતાને હાજર રહેવા મહેન્દ્રભાઈ રાઠોડે જણાવ્યું છે.

## એબ્સકોન્ડર સ્કવોડે અપહરણનો વોન્ટેડ આરોપી ઝડપી પાડ્યો

નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે કાર્યરત એબ્સકોન્ડર સ્ક્વોડની ટીમના પીએસઆઈ ઓ.એમ. દેસાઈ તથા હે.કો. અશોકકુમાર, પો.કો. કિરીટભાઈ, મહિપાલસિંહ સહીતના માણસોએ દહેગામની યુવતીનું અપહરણ કરી જનાર ૪ વર્ષથી વોન્ટેડ આરોપી રંગાજી મગનજી સોલંકીને સુરેન્દ્રનગરના પાટડી વિસ્તારમાંથી ઝડપી લેવામાં આવ્યો છે. વોન્ટેડ શખ્સની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

## સે-૪ સ્નેહમિલન સમારોહમાં યોગદાન આપનાર મિત્રોનો આભાર માન્યો

ગાંધીનગર, તા.૪

વસાહત મંડળ સેકટર-૪ ખાતે તાજેતરમાં સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ સમારોહમાં નામી-અનામી સર્વે વસાહતી મિત્રોએ કાર્યક્રમને સફળતા અપાવવા જે યોગદાન આપ્યું છે તેવા તમામ મિત્રોનો વસાહત મંડળના પ્રમુખ તેજાભાઈ દેસાઈએ આભાર વ્યકત કર્યો છે અને ઓમકારેશ્વર મહાદેવ ખાતે ચાલતી શિવકથામાં હાજર રહેવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ગાંધીનગરના શ્રમજીવીઓ અલગ પ્રકારના નશાના બંધાણી

## નેઈલ પોલીસ રીમોવર, વાઈટનર તથા પંચર સોલ્યુશન ટયુબ સુંઘવાનો નશો

ગાંધીનગર, તા.૪

વિશ્વભરમાં તમાકુની બનાવટથી ઉત્પાદિત વસ્તુઓ તથા દારૂનો નશો સર્વ સામાન્ય બની ગયો છે. જેમાં વધુ નશીલા પદાર્થ તરીકે ચરસ, ગાંજો અને ડ્રગ્સ પણ ગેરકાયદેસર રીતે નશા તરીકે કેટલાક લોકો ઉપયોગ કરતા હોવાના સમાચાર મળેલા છે. ત્યારે ગાંધીનગરમાં શ્રમજીવીઓ કંઈક જુદા જ પ્રકારના નશાના બંધાણી બની ગયા છે. નેઈલ પોલીસ રીમોવર, વાઈટનર તથા પંચર સોલ્યુશન ટયુબનો સુંઘવામાં ઉપયોગ કરી અલગ જ પ્રકારના નશાનો આનંદ માણી રહ્યા છે.

ગાંધીનગરમાં અલગ અલગ જગ્યાઓએ ઝુંપડી બાંધીને રહેતા વસાહતીઓમાં જુદા જ પ્રકારનો નશો થઈ રહ્યો હોવાની માહિતી આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળી છે. જે અંગે ખાનગી તપાસ કરતાં કેટલાક શ્રમજીવીઓ રૂમાલમાં કોઈક વસ્તુ છુપાવી સુંઘી રહ્યા હોવાનું જાણવા મળેલ હતું. જેથી કેટલાક ચોકકસ સુત્રોએ જણાવેલ હતું કે તેઓ પંચર સોલ્યુશન ટયુબ સુંઘી નશો કરી રહ્યા છે.

બિડી, સિગારેટ, તમાકુ કે દારુ સિવાય પણ અલગ પ્રકારની સુવાસ ધરાવતા નખ ઉપરની પોલીસ દુર કરવાનું કેમીકલ, લખેલું ભુંસી નાખવા વપરાતું સફેદ કલરનું પ્રવાહી તથા ટાયર પંકચર થયા પછી પંચર કરવામાં વપરાતી સોલ્યુશન ટયુબમાં અલગ પ્રકારની સુગંધ હોય છે. જેનો ઉપયોગ આ શ્રમજીવીઓ નશા તરીકે ઉપયોગ કરતા હોવાનું બહાર આવ્યું છે. સૌ પ્રથમ કફ સીરપ કે જે મેડીકલ સ્ટોર્સમાં સરળતાથી ઉપલબ્ધ બનતું હતું અને ગેરકાયદેસર ગણાતું નહોતું જે મોંઘું થવાથી વારાફરતી ઉપરોકત વસ્તુઓનો ઉપયોગ થવા લાગ્યો છે. જે કાયદાની દષ્ટિએ ગેરકાયદેસર ન હોવાથી સરળ રીતે ઉપયોગ થઈ રહ્યો છે.

છતાં પણ શ્રમજીવીઓ કોઈને ખબર ન પડે તે હેતુથી રૂમાલમાં વિંટાળીને તેનો ઉપયોગ કરતા હોવાનું જોવા મળેલ છે. શ્રીમંતોના હાઈફાઈ નશા જેવા કે હુક્કાબાર, વાઈનશોપથી અલગ જ આ નશાનો શ્રમજીવીઓ આનંદ માણી રહ્યા છે. જેમાં કાયદાની પરિભાષાનો દુર ઉપયોગ થતો નથી. અને આર્થિક રીતે પોષાય તેવો બન્યો છે. જો કે છેવટે તો તંદુરસ્તી માટે હાનિકારક છે તે નિર્વિવાદિત બાબત છે.



જિલ્લાના કલોલ વિસ્તારમાં આવેલી સિંદબાદ હોટલ સામે હાઈવે પર પસાર થઈ રહેલી મારૂતિવાન અચાનક સળગી ઉઠી હતી. ફાયર બ્રિગેડને જાણ કરતાં ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગને કાબુમાં લઈ લીધી હતી. જો કે કાર સળગીને ખાખ થઈ ગઈ હતી. સદ્‌ભાગ્યે આ દુર્ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થઈ ન હતી. આ ઘટનાને પગલે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ જવા પામી હતી જો કે કલોલ ડીવીઝન ડીવાયએસપીએ તાત્કાલિક પીસીઆર વાન મોકલી ટ્રાફીકની સ્થિતિ હલકી કરી દીધી હતી. (તસવીર : વિપુલ ચૌહાણ)

## રાષ્ટ્રીય કુંભાર (પ્રજાપતિ) મહાસભા ન્યુ દિલ્હી દ્વારા પ્રદેશ અધ્યક્ષ અને મહાસચિવની વરણી

ગાંધીનગર, તા.૪

રાષ્ટ્રીય કુંભાર (પ્રજાપતિ) મહાસભા ન્યુ દિલ્હી દ્વારા ઉદયપુર રાજસ્થાન ખાતે રાષ્ટ્રીય હોદ્દેદારોની મીટીંગ મળી હતી. જેમાં ગુજરાત પ્રદેશમાં પ્રદેશ અધ્યક્ષ તરીકે વિરચંદભાઈ એસ. પ્રજાપતિ, પ્રદેશ મુખ્ય મહાસચિવ તરીકે પ્રો.ડો. મનુભાઈ એસ. પ્રજાપતિ અને બાબુભાઈ કે. પ્રજાપતિની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.



આગામી ફેબ્રુઆરી માસમાં જંતરમંતર ન્યુ દિલ્હી ખાતે રાષ્ટ્રીય કુંભાર (પ્રજાપતિ) મહાસભા દ્વારા કેન્દ્ર સરકારની ઓ.બી.સી. જ્ઞાતિના કવોટામાં અન્ય જ્ઞાતિઓનો સમાવેશ કરવાની નીતિ સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં પ્રજાપતિ સમાજના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

તેમજ સમસ્ત પ્રજાપતિ સમાજના શૈક્ષણિક તથા રાજકીય વિકાસના સંદર્ભમાં દરેક તાલુકા, જિલ્લા અને પ્રાંત કક્ષાએ સમાજપ્રેમી, કાર્યકર્તાઓ, ઉદ્યોગપતિઓ વર્ગ-૧, ૨ના પ્રજાપતિ અધિકારીઓ, ડોકટરો, વકીલો, બુધ્ધિજીવી વર્ગના લોકોએ સમાજ સેવા કરવા જોડાવા માટે વિરચંદભાઈ-૯૪૨૬૩૫૨૩૦૧, ડૉ. મનુભાઈ-૯૮૭૯૧ ૨૭૨૫ અને બાબુભાઈ-૯૫૮૬૫ ૧૫૨૦૨ પર સંપર્ક કરવા અધ્યક્ષ દ્વારા જણાવ્યું છે.

## જુ.સી.કા.ના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૪

સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ ખાતે આવેલી જુનિયર સિટિઝન કાઉન્સીલની કારોબારી મળી હતી. જેમાં સર્વાનુમતે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ તરીકે બી.એ. વસાવડા, મંત્રી તરીકે રણજીતસિંહ વાઘેલા, ઉપપ્રમુખ તરીકે કેતનભાઈ ધોળુ, જયંતિભાઈ સુથાર, સહમંત્રી તરીકે આર.જી. પટેલ, વાલજીભાઈ ચૌધરી, ખજાનચી તરીકે દશરથભાઈ પટેલ, દિલીપસિંહ રાજપૂત, ચીફ ઓડીટર તરીકે મનોજ લેકીનવાલા, કાનૂની સલાહકાર તરીકે હિતેષભાઈ રાવલ સહિત કમિટી અને સલાહકાર હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.

# સે-૨૩માં લાખોના ખર્ચે બનાવેલ બગીચો જાળવણીના અભાવે ક્રિકેટનું મેદાન બન્યું

## બગીચામાં ચોકીદાર, માળી મુકવાની વસાહતીઓની માંગ

ગાંધીનગર, તા.૪

જયારે શહેરનું નિર્માણ થયું ત્યારથી દરેક સેકટરમાં બાળકો, વૃદ્ધો, પોતાના ફુરસદના સમયે આરામ કરી શકે તેવા હેતુથી બગીચા પણ બનાવવામાં આવ્યા છે. ત્યારે રખેવાળીના અભાવે બગીચા ગુંડા તત્વોનો અડ્ડો બની ગયા છે ત્યારે આ બગીચામાં સામાન્ય માણસ બેસી શકે તે માટે કાર્યવાહીની માંગ ઉઠવા પામી છે.

શહેરના સે-૨૩ વિરાટનગર સોસાયટી પાસે લાખો રૂપિયાના ખર્ચે બગીચાનું પુનઃ નિર્માણ કરવામાં આવ્યું છે. બગીચામાં ચોકીદાર, માળીના અભાવે બગીચો રમતનું મેદાન અને ગુંડાઓનો અડ્ડો બની ગયો છે. બગીચામાં આરામ ફરમાવવા માટે આવતા વૃધ્ધો, બાળકો ઉપર ગુંડાઓ ગાળા ગાળી કરતા હોવાથી બાળકના માનસ પટ પર ખરાબ અસર પડતી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

બગીચાનો હેતુ જળવાય તે માટે વિરાટનગર સોસાયટીના ચેરમેન બળવંતરાય શુકલએ કોર્પોરેટર અને બગીચા નિર્માણ ઓફિસ ખાતે લેખિતમાં જાણ કરી બગીચાને ખરાબ તત્વોના હાથમાં જતા રોકવા જાણ કરી છે તેમજ બગીચામાં માળી અને ચોકીદાર મુકવાની માંગ કરી છે.

તેમજ તેમણે એમ પણ જણાવ્યું છે કે વિરાટનગર, તેજસ અને સૌરભ સોસાયટીથી સે-૨૮ જવાના આંતરિક રોડ પર ખાડા ટેકરાના કારણે અનેક વાહન ચાલકોને હાડમારી ભોગવવી પડી રહી છે તેમજ સોસાયટીની આજુબાજુ ઝૂંપડાનું પ્રમાણ ફુલ્યું ફાલ્યું છે જેના કારણે ગંદકીની સમસ્યાથી વસાહતીઓનું આરોગ્ય બગડવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. જેનું સત્વરે નિરાકરણ આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬

સૂર્યાસ્ત : ૫.૫૮

## તાપમાન

મહત્તમ : ૨૩.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૦ ટકા ● સાંજે ૬૯ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

શોલે- ૩ડી : ૯.૪૦, ૧.૪૦, ૫.૪૦, ૯.૪૦

: સ્ક્રીન-૨ :

મી. જોઈ બી કારવલ હો : ૧૦.૧૦, ૧૨.૪૦, ૩.૧૦, ૫.૪૦, ૮.૧૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :

ધૂમ-૩ : ૧૧.૨૫, ૨.૫૫, ૬.૨૫, ૯.૫૫

: સ્ક્રીન-૪ :

ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૧૦, ૭.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

મી. જોઈ બી. કારવલ હો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

શોલે : ૧૦.૦૦, ૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ધૂમ-૩ : ૧૦.૧૫, ૧.૩૦, ૫.૩૦, ૯.૩૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ધૂમ-૩ : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ધૂમ-૩ : ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૦૦

: સ્ક્રીન-૨ :

આર..કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ચિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આજે ધન લાભ થવાની શક્યતા છે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર- વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે.

## ચિરવિદાય

- સ્વ. મોહનભાઈ મોતીભાઈ પરમાર (ઉ.વ. ૬૮) મુ..પો વાસણા ચૌધરી, તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. કમુભાઈ ગોવાભાઈ રબારી (ઉ.વ. ૫૮) ચેહરનગર, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. રામજીભાઈ સિધ્ધીભાઈ મકવાણા (ઉ.વ. ૭૫) મુ.પો. ઉવારસદ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જીવણભાઈ ગંગારામભાઈ સોલંકી (ઉ.વ.૩૮) ૪૬૫, ટેલીફોન કોલોજની સામે કાચા છાપરાં, સેકટર-૨૬, ગાંધીનગર.